સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

ભાંગીને એકતાનો સમાજ હવે રથ ફરે છે!
'નેતૃત્વ'ના ભાવ વિના દિશાહીન વ્યર્થ ફરે છે,
ફરે છે ઘાંઘા થઈ ચાવી દીધેલા નેતા - સેવકો
'પૂજ્યભાવ' વિના માત્ર પ્રચારનો અર્થ સરે છે

હાઈકુ

'એ' ઉંચાઈ ને -
ફૂલ જ ચઢાવશે -
આંબી ન શકે !

થયા સાબિત
મહાનતાની સામે -
નેતા વામન !!

ચિંતન

ધર્મ તેં બિરતિ જોગ તેં ગ્યાના ।
ગ્યાન મોછપ્રદ બેદ બખાના ॥

ઉપરોક્ત સાખી રામચરિત માનસમાંથી લેવામાં આવેલ છે.

ધર્મથી વૈરાગ્ય અને યોગથી જ્ઞાન થાય છે. જ્ઞાન મોક્ષનું દેનાર છે, એવું વેદોમાં કહ્યું છે.

ધર્મનું હૃદયપૂર્વક આચરણ કરનારને આપોઆપ 'વિવેક' જન્મે છે અને સાચાં-ખોટાંની સમજ આવતાં ભૌતિક સુખો પ્રત્યે સાચો વૈરાગ્ય જન્મે છે આજ સાચું જ્ઞાન છે અને તે જ મુક્ત - મોક્ષનું કારણ ને છે.

સુવિચાર

- માણસની સર્વસત્તાઓ, સ્વપ્નાઓ, સ્પર્શનો અંત, ઈચ્છા મુક્તિનો આરંભ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- માણસ ક્રોધિત થાય ત્યારે અન્ય કોઈના કાબૂમાં આવી જાય છે. ક્રોધમાં માણસનું મોઢું ઉઘાડું રહે છે અને આંખો બંધ રહે છે - **જનકલ્યાણ**
- માણસ એને જ કહેવાય જે સતત સુધરતો રહે - **ભૂપત વડોદરિયા**
- હે ઈશ્વર !! હું પૈસા વિના પૈસાદાર બની રહું અને પૈસો સંતોષ આપી શકતો નથી તેવો પ્રયોગ સફળ કરી શકું - **ચાર્લ્સ મોન્ટોન**
- તમે સુખી છો કે નહિં તે વિષે ચિંતા કરવાની ફુરસદ હોવી એ જ દુઃખનું રહસ્ય છે - **અખંડ આનંદ**
- મારી પ્રથમ ફરજ ઈશ્વર સ્મરણ છે, બીજી ફરજ પવિત્ર આચરણ છે - **હદીસ બોધ**
- આજનું ઔષધ : સોજા પર હળદર સાથે ચૂનો લગાડવાથી તરત રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

નોર્વેના વિખ્યાત લેખિકા સિગ્રીડ અનસેટને સાહિત્યનું નોબેલ પ્રાઈઝ મળ્યું. જેવી તેમને નોબેલ પ્રાઈઝ મળ્યાની જાહેરાત થઈ કે પત્રકારો રાત્રે ૯ વાગે તેમના ઘરે જઈ પહોંચ્યા. પત્રકારો સિગ્રીડ અનસેટની મુલાકાત લેવા માટે ખૂબ આતુર હતા. પણ લેખિકાએ તેમની ઈચ્છા પર ઠંડુ પાણી રેડી દીધું. સિગ્રીડે કહ્યું, 'આપ સૌ આ કડકડતી ઠંડીમાં મને મળવા રાત્રે આવી ઠંડીમાં આવ્યા છો. એનું કારણ મને ખબર છે. મને પણ હમણા જ ટેલિગ્રામથી માહિતી મળી છે કે નોબેલ પ્રાઈઝ માટે મારી પસંદ થઈ છે.' પત્રકારોએ આગ્રહ રાખ્યો કે અમને આપનો ઈન્ટવ્યુ કરવા દો. સિગ્રીડે નમ્રતાપૂર્વક કહ્યું, 'મને દુઃખ થાય છે કે હું તમારી સાથે અત્યારે કોઈ વાત કરી શકું તેમ નથી, કારણ કે હું મારા બાળકોને સુવડાવી રહી છું. નોબેલ પ્રાઈઝ મળવાનો મને આનંદ છે પણ એથી વધુ આનંદ મને મારા બાળકો સાથે રહેવામાં મળે છે.' પત્રકારોએ ઘણો આગ્રહ રાખ્યો કે આવા બ્રેકીંગ ન્યુઝનો તેમને લાભ મળશે. પણ તેમને નોબેલ પ્રાઈઝ વિનર તરીકે પત્રકારોને મુલાકાત આપવાને બદલે બાળકોને સૂવડાવવા પાછળ સમય આપવાનું પસંદ કર્યું. આ ઘટના પરથી એવો માણસોએ બોધ લેવાની જરૂર છે કે જેઓ પોતાના ધંધા કે નોકરી માટે સતત હાય-વોય કરતા રહેતા હોય.

ભાજપ ગ્રાઉન્ડ રિયાલિટી સમજી શકે છે

તંત્રીસ્થાનેથી...

ગત લોકસભામાં એકલા હાથે સ્પષ્ટ બહુમતી મેળવી સત્તા હસ્તગત કરનાર ભારતીય જનતા પાર્ટીને કબીરજી કાનમાં કહી ગયા છે કે ૨૦૧૯ એ ૨૦૧૪ નથી. આ સમયગાળા દરમિયાન ગંગા-જમનાથીલઈ સાબરમતી સુધીની નદીઓમાં ઘણાં પાણી વહી ગયાં છે. નર્મદા કિનારે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રચંડ મૂર્તિ મૂકી દેવાથી કે અયોધ્યામાં રામ જન્મભૂમિ પર મંદિરનું શિલારોપણ કરી દેવાથી ભારતીય મતદાતા રાજીનો રેડ થઈ જઈ કમળવાળું બટન દબાવી દેશે એવી અપેક્ષા વધુ પડતી છે. અત્યારની ગ્રાઉન્ડ રિયાલિટી એ છે કે આ સાડા ચાર વર્ષના ગાળામાં મોદીનો નકાબ મહંદશે ઉતરી ચૂક્યો છે અને ભાજપ સાથે ઉમળકાપૂર્વક જોડાયેલી પ્રાદેશિક પાર્ટીઓ હવે સ્થાનિક કક્ષાએ નવા સાથી શોધી રહી છે. સૌથી જૂની અને વિચારધારાની રૂએ સૌથી નજીકની એવી શિવસેના સાથે મેળ બેસાડવો અઘરો છે એમ ૨૦૧૪માં બિહાર જેવા મહત્ત્વનાં રાજયમાં ખભેખભા મિલાવી ચૂંટણી જંગલમાં ઝંપલાવનાર રામવિલાસ પાસવાન કે ઉપેન્દ્ર કુશવાહા એન ટાઈમે કેવું સ્ટેન્ડ લેશે તે કળવું મુશ્કેલ છે. જીતનરામ માંઝીને હાથ ઉપર લઈ તત્કાલીન મુખ્ય વિરોધી અને હાલના સહયોગી બિહારના અડૂકડૂકિયા મુખ્યમંત્રી નીતીશકુમાર સામે ત્યારે તો ધુવાંધાર તોપમારો કરી શકાયો હતો. હાલમાં એ મહાદલિત નેતા ભાજપ સાથે સોળે ધર્મે બેસવા રાજી નથી. એમનો ભ્રમ ભાંગી ચૂક્યો છે. લાલુ પ્રસાદ યાદવને હાલમાં કૌભાંડી તરીકે ચિતરાઈ રહેલા સીબીઆઈ સ્પેશિયલ ડાયરેકટર રાકેશ અસ્થાનાનો ઉપયોગ કરી ચારાકૌભાંડમાં જેલભેગા કરી દેવાયા અને ચૂંટણી લડવા માટે પણ ગેરલાયક ઠેરવી શકાયા, પરંતુ બિહારની મૂંગી બહુમતી લાલુ પ્રસાદને પોતાના લોકદેવતા માનવા લાગી છે. એમના રાજકીય વારસદાર પુત્રો વચ્ચે સત્તાની સાઠમારી શરૂ થઈ હોવા છતાં ઉપેન્દ્ર કુશવાહા જેવા મોદી મંત્રીમંડળના સભ્ય સામે ચાલીને તેજસ્વી યાદવને મળવા દોડી જાય છે. આ બધા સંકેતો ભાજપ અને મોદીની ઘટતી લોકપ્રિયતાનાં જ પ્રમાણ છે. આથી બિહારમાં ૨૦૧૪ની ચૂંટણી વખતે માત્ર બે જ બેઠકો મેળવી શકનારી નીતીશકુમારની જદ (યુ) પાર્ટી હવે જયારે નરેન્દ્ર મોદીના ખોળે બેસી ગઈ છે ત્યારે પણ એમની સામે ઘૂરકિયાં કરી શકે છે. આગામી લોકસભાની ચૂંટણીમાં બેઉ એ શરતે જ સાથે રહેશે કે લોકસભાની સરખેસરખી બેઠકો પર ઉમેદવારો મૂકી શકાશે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ સાથે નીતીશકુમારે આ મુદ્દે ભારે રકઝક પછી સમાધાન કર્યું છે એથી ઘીના ઠામમાં ઘી પડી ગયું છે એવું ઠાલું આશ્વાસન જરૂર લઈ શકાશે પરંતુ ભાજપના ગઈ ચૂંટણીમાં જીતેલા ઘણા બધા ઉમેદવારોએ એમની બેઠકો ચૂપચાપ હાઈકમાંડના આદેશ મુજબ જદ (યુ) ને સોંપી દેવી પડશે. મોદી-શાહને ૨૦૧૯ની ચૂંટણી કોઈ પણ હિસાબે જીતવી છે. એ માટે તેઓ સિટીંગ સાંસદોને પણ નારાજ કરી જદ (યુ) જેવી પ્રાદેશિક પાર્ટીઓને સાચવી લેવા કૃતસંકલ્પ છે. એમની આ ગઠબંધન પોલિસી સામે કોંગ્રેસના નેતૃત્વવાળું મહાગઠબંધન હાલકડોલક સ્થિતિમાં છે, તે ભાજપ માટે મોટું આશ્વાસન છે.

યે ઈશ્ક નહીં આસાન, ઈતના તો સમજ લિજે...

જીવન દર્શન
પી.એમ. પરમાર

'પ્રેમ' - એટલે શું ? પ્રેમ એટલે ઝંખના અને ઝુરાપો. પ્રેમ એટલે તમન્ના અને તરાપો. પ્રેમ એટલે સેક્સનું શુદ્ધ અધ્યાત્મિકીકરણ, જીવનનું રસાયણ, આત્માનું અંતઃકરણ, ઝંખનાનું ઝરણ, સપનાનું સ્મરણ અને આરાધ્યની આરાધનાનું શરણ. પ્રેમ કશું આપતો નથી, કશું લેતો નથી, પ્રેમ પ્રેમથી જ સંપૂર્ણ છે. જગની સૌ કડીઓમાં સ્નેહની સર્વથી વડી.

'પ્રેમ' - સર્વ્યાપી છે, સર્વગ્રાહી છે, સર્વશક્તિમાન છે, સર્વસંપન્ન છે, સર્વાંગસુંદર છે અને સર્વોપરી છે. એક પીછું મોરનું શોધતાં શોધતાં, છેક પહોંચી જવાયું છે ગોકુળમાં.... રાજેશ વ્યાસ કહે છે : કોણ હશે બેઠું અંતરમાં, ચૌદ ભુવન જાણે ભીતરમાં - ત્યારે પ્રેમનો પનો કેટલો છે એની ખબર પડે છે.

'પ્રેમ' - ની શરુઆત પારણાથી થાય છે. મા - એ તો પ્રેમની યુનિવર્સિટી છે. પરણ્યા પછી પ્રેમ બારણામાંથી પ્રવેશ કરે છે, જયારથી દિલની આપ-લે થઈ છે, એ ન પૂછો કે શી વલે થઈ છે ! હરિન્દ્ર દવે એક ડગલું આગળ ચાલે છે : તમે પાંપણને પલકારે વાત કહી કઈ ? મરમ એનો ઉકેલવામાં રાત વહી ગઈ ! રક્ષાબંધને એક પવિત્ર તાંતણે બંધાતો ભાઈ-બહેનનો પ્રેમ બેનડી વગર કોણ જાણી શકે ભલા ? પથ્થર દિલનો બાપ પણ જયારે દીકરીની વિદાય વેળાએ ડૂસકે ડૂસકે રડે ત્યારે દીકરી વહાલનો દરિયો કેમ કહેવાય છે એની ખબર આખા જગતને થઈ જાય છે. સૌ દીકરીઓને સલામ.

'પ્રેમ' - ની યાદી બનાવવા બેસીએ કલમ હારી જાય એવું પણ બને. શીરી-ફરહાદ, રોમિયો - જુલિયટ, હીર-રાંઝા, ઢોલા-મારૂ, લયલા-મજનુ, લાખો-લોયણ, સોહની-મહિવાલ, જશમા-ઓડણ, ચંદ્ર-રોહિણી, શિવ-પાર્વતી, રાધા-કૃષ્ણ, નળ-દમયંતી અને સત્યવાન - સાવિત્રી. આવી એક અલગ યાદી ધારો તો તમે પણ બનાવી શકો છો - પ્રેમમાં પડ્યા હો તો ! છે ઘણા એવા કે યુગને પલટાવી ગયા, બહુ ઓછા છે કે જેઓ પ્રેમમાં ફાવી ગયા. પ્રેમમાં પડવા બુદ્ધિશાળી હોવું ફરજિયાત નથી. જે ભણ્યા છે તેના કરતાં તો જે ભણ્યા નથી તે વધારે પ્રેમમાં પડ્યા છે. પ્રેમની કોઈ નિશાળ નથી હોતી, દિલ વિશાળ હોવું જોઈએ. એમ પૂછીને થાય નહિ પ્રેમ.

'પ્રેમ' - ઉપર તો આખું ફિલ્મ જગત નભે છે. અમરપ્રેમ, પાકીઝા, મધર ઈન્ડિયા, મુઘલે આઝમ, હીર-રાંઝા - અરે કોઈ પણ ફિલ્મ લો કે કોઈ પણ ફિલ્મીગીત લો પ્રેમ પ્રેમ પ્રેમની જ બહુમતી જોવા મળશે. જલ દિલ હી ટૂટ ગયા, હમ જી કે કયા કરેંગે; પ્યાર કિયા તો ડરના કયા, પ્યાર હુઆ ઈકરાર હુઆ... વર્ષો વીત્યા પણ આ ગીતો આજે ય દિલ ડોલાવવાની તાકાત ધરાવે છે. ભલા ! દિલ એક મંદિર હૈ, ફૂલ તૂમ્હેં ભેજા હૈ ખત મેં, પ્રેમ કે પૂજારી હમ હૈં, પિયા ઐસો જિયામેં સમાઈ ગયો રે અને આપકી નજરોં ને સમઝા પ્યાર કે કાબિલ મુઝે - જેવાં અનેક સદાબહાર ગીતો પ્રેમના પુરાવા છે.

પ્રેમની વાત પુરી કરવા જઈએ તો પણ પૂરી થાય તેવી નથી. પૃથ્વીનો જન્મ થયો ત્યારથી પૃથ્વી ઉપર પ્રેમ છે અને જયાં સુધી આ પૃથ્વીનું અસ્તિત્વ છે ત્યાં સુધી પ્રેમનું અસ્તિત્વ છે કારણ કે અસ્તિત્વનું અસ્તિત્વ છે.

શિકાયત શું કરે દિલ, કોઈ ના આવે ગજું શું છે ?

મોહબ્બત હોય જો કામિલ તો ખુદ પાસે ખુદા આવે.

(કામિલ વટવા)

તીખું મરચું :

યે ઈશ્ક નહીં આસાન, ઈતના તો સમજ લિજે;
એક આગકા દરિયા હૈ, ઔર ડૂબ કે જાના હૈ.

(જીગર મુરાદાબાદી)

વાંચો, ૨૧મી સદીની ૨૧ નવી આગાહીઓ

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

૨૧મી સદી આજે ૧૮ વર્ષની રૂપસૂંદરી બનીને આપણી સામે ઊભી છે. આજે આ ૧૮ વર્ષની અત્યાધુનિક રૂપસૂંદરી એની ડિજિટલ આંખોમાં અનેક રંગીન સપનાઓ, અવનવી રંગીન સૃષ્ટિઓ, બ્રહ્માંડ અને તેની પેલે પાર પણ આપણે જોઈ શકીએ છીએ, આ સદીનું સૌન્દર્ય એટલું બધું અદભુત છે કે બાળક જન્મતા વેંત અને વૃદ્ધ માણસ મૃત્યુ સુધી એના પ્રેમમાં રહે છે. એનામાં રચ્યો પચ્યો રહે છે. ૨૧મી સદીના રૂપનો જાદુ ભલભલાને મોહિત કરી ગયો છે. અને હજીયે આવનારા ૮૨ વર્ષમાં બીજી ત્રણથી ચાર પેઢીને મોહિત કરવાનો છે. કેમ કે હજી અનેક બીજા નવા ચમત્કારો થવાના છે. જેની આપણે કોઈએ કલ્પના પણ નહી કરી હોય. આ ૨૧મી સદી સ્વપ્નની પેલે પારની સદી છે. અને આવનારી ૨૨મી સદી બ્રહ્માંડની છે. જેમાં બ્રહ્માંડના બધા જ રહસ્યો ખુલી ગયા હશે. પણ આપ્ણે સૌ હાલ ૨૧મી સદીમાં છીએ. આ સદીમાં ય હજી એવા ચમત્કારો, ઘટનાઓ બનવાની છે કે જેને સ્વીકારવા કે માનવા આપણે જલદીથી તૈયાર નહીં થઈએ.

મિત્રો, હું કોઈ જ્યોતિષી નથી. કે નથી મને કોઈ જ્યોતિષશાસ્ત્રનો ઊંડો અભ્યાસ, પણ મેં અનેક માનવસમાજનો અભ્યાસ જરૂર કર્યો છે. માનવમન વાંચવાનું, સમજવાનું મને ગમે છે. બદલાતા સમય, સંજોગો અને સંબંધોનો ખુબ જ બારિકાઈથી અભ્યાસ અને અનુભવોનું ભાથું મારી પાસે છે. તો વળી વિતી ગયેલી વીસમી સદીની ઘટનાઓ, મૂલ્યાંકન અને કલ્પનાઓને આધારે અહીં કેટલીક આગાહીઓ કરવામાં આવી છે. અગાઉ વર્ષ – ૨૦૦૦માં મેં " ૨૧મી સદીની ૨૧ આગાહીઓ" લેખ લખેલો જેમાંની ઘણીબધી આગાહીઓ સાચી પણ પડી છે. અહીં કેટલીક આગાહીઓનું ફરી સ્મરણ પણ કરીશું.

૧) આ સદીમાં માણસ અદૃશ્ય થઈ શકશે. આ શક્તિ સતયુગમાં હતી. કળિયુગમાં વિલીન થઈ ગઈ છે. પણ ઘણા આધ્યાત્મિક ગુરુઓ મંત્રશક્તિથી અદૃશ્ય થઈ જવાની કળાને હસ્તગત કરશે. અને આ શક્તિ મેળવવા અનેક લોકો પોતાનું આખું જીવન સત્યને સમર્પિત કરશે. સદમાર્ગના રસ્તે ચાલશે.

૨) આ સદીના અંત સુધીમાં અવકાશમાં હૉટેલો, કોલેજો, ઓફિસો બની ચૂકી હશે, અને આપણે હરવા ફરવા, શિક્ષણ લેવા, નોકરી ધંધો કરવા અવકાશમાં જતા હોઈશું

૩) શહેરોમાં ખુબ જ વસ્તી વધતા અનેક પ્રકારની ટ્રાફીક સમસ્યાઓ ઊભી થશે પરિણામે સ્કૂટર, રિક્ષા, કાર વગેરે નીચે રોડ ઉપર નહીં પણ હવામાં ચલાવાશે. દરેક ઘરની છત ઉપર એક ફેમિલી કાર હશે જેમાં ચારથી પાંચ વ્યક્તિ બેસીને હવામાં વિમાનની જેમ ઉડાવીને જેમના ઘેર જવું છે તેમના મકાનની છત ઉપર કાર ઉતારી શકાશે. આ માટે હવાઈ ટ્રાફીકના નવા નિયમો બનશે. એનો સમય, ઊંચાઈ અને ગતિ નિશ્ચિત થશે.

૪) પેટ્રોલ ડિઝલનો અંત આવશે. માનવજીવન સૂર્યઊર્જા ઉપર આધારિત બનશે. બહું જ નજીકના સમયમાં સૂર્યશક્તિથી ચાલતી સાયકલો, રિક્ષાઓ, ફેમિલી કાર બજારમાં આવી જશે.

૫) મૃત્યુ ઉપર વિજ્ઞાનનો વિજય થશે. મૃત્યુ પામેલ વ્યક્તિને ફરીથી જીવતો કરી શકાશે. હદય બંધ પડી જાય તો એને ફરીથી ધબકતું કરી શકાશે. હદયનું પ્લાન્ટેશન પણ થઈ શકશે. આ સદીમાં વિજ્ઞાન નવું લોહી બનાવશે. અને આ શોધ કરનાર વૈજ્ઞાનિકને નોબેલ પારિતોષિક પણ મળશે.

૬) આ સદીમાં વૃદ્ધાવસ્થા જેવી અવસ્થા અદૃશ્ય થઈ જશે. માણસ ઈચ્છશે ત્યા સુધી યુવાન રહી શકશે. માત્ર ઉંમર વધશે પણ શરીર એવું જ રહેશે.

૭) ૨૧ સદીમાં લોકો હવામાં ઊડી શકશે. તરી શકશે. અને ઈચ્છા મુજબ અદૃશ્ય પણ થઈ શકશે. જાડ વિદ્યા, મંત્ર-તંત્ર વિદ્યા, અધ્યાત્મ શક્તિ, મનની પરમ શક્તિ, રેકી, ટેલિપથી, વિપશ્યના, સાધના, ધ્યાન, યોગ, તપસ્યા.... આવી બધી શક્તિઓ વડે લોકો ધાર્યા કામ કરશે. વરસાદ વરસાવશે. ગરમીમાં ઠંડી અને ઠંડીમા ગરમીનો અનુભવ કરાવશે. વિજ્ઞાનના અસ્તિત્વ સામે ઘણાય પ્રશ્નો ઊભા થશે.

૮) ૨૧ સદીમાં એક વિશ્વયુદ્ધ કોમ્પ્યુટરો દ્વારા થશે. જેમાં કોમ્પ્યુટરોમાં વાયરસ મોકલી લોકોની આંખ, શ્વાસ અને મગજ બંધ કરીને ધીમેધીમે મૃત્યુ સુધી લઈ જવાશે. જો કે આ વિશ્વયુદ્ધમાં ભારતના કોમ્પ્યુટરો સર્વશ્રેષ્ઠ સાબિત થશે. ભારતને વિજય અપાવશે.

૯) ૨૧ સદીમાં કૌટુંબિક અને જાતીય સંબંધોનું અવમૂલ્યન થશે. પિતા પુત્રી સાથે, ભાઈ – બહેન સાથે, મા – પુત્ર સાથે લગ્ન કરશે. ભારતમાં લગ્ન પ્રથાના અસ્તિત્વ સામે પ્રશ્નો ઊભા થશે. વિશ્વના તમામ દેશોની સંસ્કૃતિ પતનના માર્ગે જશે. ત્યારે ભારતમાં જન્મેલી એક વિરાટ વ્યક્તિત્વવાળી વ્યક્તિ દુનિયાના દેશોની સંસ્કૃતિઓનો પોતાના પ્રભાવથી ફરી વિકાસ કરશે અને એક નવા યુગનો આરંભ થશે. જેમાં પ્રેમ, લાગણી, સંબંધ, ત્યાગ, શ્રદ્ધા, ધ્યાન, યોગ, સાધના અને તપસ્યાનું મહત્વ વધશે.

૧૦) ૨૧ સદીમાં ભારતમાં એક એવી વ્યક્તિનો ઉદય થશે કે આવતી સદીઓમાં તે ઈશ્વર તરીકે પૂજાશે. આખી પૃથ્વી ઉપર પોતાનો ઐશ્વર્ય પ્રભાવ પાડી કર્મ, ધર્મ, વિજ્ઞાન અને પ્રકૃતિના સિદ્ધાંતો દ્વારા આખી પૃથ્વીના માનવીઓમાં નવી ચેતના જગાવશે.

૧૧) ૨૧ સદીમાં આખી પૃથ્વીના પેટાળમાં ધરતીકંપો થશે. જેની તીવ્રતાથી મહાનગરો ધરાશાયી થશે. હિમાલય માઉંટ આબુ – ગીરનાર જેવા મોટા મોટા પર્વતો પણ તૂટી પડશે. આ વખતે પૃથ્વી પર મોટા તોફાનો – વાવાઝોડા, અતિવૃષ્ટિ થશે, પાંચ પાંચ દસ દસ કિલો બરફના કરાઓ પડશે. આકાશમાંથી અચાનક ઉલ્કાઓ, સળગતા લાવાઓ પડશે. અને મહાવિનાશ સર્જાશે. અને આ બધાને કારણે માનવી – માનવીથી નજીક આવશે.

૧૨) ૨૧ સદીમાં અંતરિક્ષમાંથી બીજા ગ્રહના માણસો પૃથ્વી ઉપર ઉતરી આવશે. અને પૃથ્વીના માણસોનું અપહરણ કરીને પોતાના ગ્રહ ઉપર અભ્યાસ માટે લઈ જશે. આમ પૃથ્વી સિવાય બીજા ગ્રહ ઉપર જીવન હોવાનું સત્ય બહાર આવશે. આ બીજા ગ્રહના લોકો હવામાં સહેલાઈથી ઊડી શકતા હશે. તરી શકતા હશે. અદૃશ્ય થઈ શકતા હશે. તેઓ દૈવી શક્તિથી ભરપુર હશે.

૧૩) ૨૧ સદીમાં પીવાના પાણીની સમસ્યા વિકટ બનશે. તરસથી લોકોના શ્વાસ રૂંધાશે. તરફડીને લોકો મૃત્યુ પામશે. અનાજ ઉગશે નહી, વસ્તી વધવાથી ભૂખમરો પેદા થશે. લોકોને અઠવાડિયે માંડ માંડ જમવાનું મળશે. બાકીના દિવસોમાં વિટામીનની ગોળીઓ, જમવાની – તરસ છીપાવવાની ટેબ્લેટ્સ ખાવી પડશે. વહેતી નદીઓના પાણીની કિંમત વધશે. લૂંટ થશે. ચોરી થશે. નદીના વહેતા પાણી માટે ઝગડાઓ થશે. અંતે આ બધી સમસ્યાઓના હલ રૂપે દરિયાના ખારા પાણીને મીઠું બનાવી લોકોને અપાશે ત્યારે પૃથ્વી ઉપરથી આ જળ સમસ્યા દૂર થશે.

૧૪) ૨૧ સદીમાં વિજ્ઞાન ઈશ્વરના અસ્તિત્વને શોધી કાઢશે. જીવનું રહસ્ય ઉકેલાશે. જીવ ક્યાંથી આવે છે અને ક્યાં જાય છે, શું કાર્ય કરે છે એ બધુ ઉકેલાશે અને વિજ્ઞાન જીવ ઉપર કાબૂ મેળવશે. માણસના જીવની અદલા બદલી થઈ શકશે. રક્તદાનની જેમ જીવદાન થઈ શકશે. પ્રકૃતિના કેટલાક રહસ્યો ઉકેલાશે. ગેબી અવાજો સાંભળવા મળશે. યુગો પહેલા મૃત્યુ પામેલા માણસોના અવાજો વાતાવરણમાંથી શોધી કઢાશે. જો જીવનું અમરત્વ સાબિત થશે તો રામ, કૃષ્ણ, મહાવીર, બુદ્ધ, ઈશુ કે ગાંધીજીના જીવની શોધ પણ થશે. અને માણસ પોતાના પૂનર્જીવનનો ખ્યાલ પણ મેળવી શકશે.

૧૫) જૂની ફિલ્મો ઉપરથી – ફોટા ઉપરથી એ જ માણસને એ જ ઉમરે આ પડદા ઉપર જીવંત કરી શકાશે. આ શોધ ફિલ્મક્ષેત્રે ખૂબ જ ઉપયોગી નીવડશે. જૂની ફિલ્મોના યુવાન અભિનેતાઓ ૨૧મી સદીમાં યુવાન અભિનેત્રીઓ સાથે અભિનય કરીને ફિલ્મક્ષેત્રે ધૂમ મચાવશે. જેમ કે ૨૫/૩૦ વર્ષના અમિતાભે જે ફિલ્મો કરી હશે તેમાંથી એ જ અમિતાભને લઈને વર્ષ – ૨૦૩૦ - ૩૫ ના સમયમાં કામ કરી રહેલી યુવાન અભિનેત્રી સાથેની ફિલ્મ બનશે.

૧૬) આ સદીમાં એક ગુજરાતીને નૉબેલ પારિતોષિક મળશે અને એ માટે અત્યારના સમયમાં શ્રી નરેન્દ્ર મોદી સૌથી સક્ષમ દાવેદાર છે.

૧૭) ૨૧મી સદીના અંતમાં પૃથ્વીને બીજો એક નવો ચન્દ્ર મળશે. જે પૃથ્વીથી ખુબ જ નજીક હશે. જેની ઉપર સહેલાઈથી જઈ શકાશે. આ ચન્દ્ર અવકાશમાંથી અચાનક આવી ચડશે અને પૃથ્વીના ગુરુત્વાકર્ષણમાં સ્થિર થશે. આરંભે વૈજ્ઞાનિકો એને સ્વીકારશે નહીં, અન્ય ગ્રહના જીવોની કોઈ સાજિશ માનવામાં આવશે.

૧૮) ભારતમાં બેરોજગારીનો વિસ્ફોટ થશે. દુનિયાભરમાંથી નોકરી ખતમ થઈ જશે. બધે રૉબર્ટ કામ કરશે. અને આ સદીમાં આખા ભારતમાં નેટવર્ક માર્કેટિંગનો બિઝનેશ ખુબ જ વિકાસ પામશે. દુનિયાભરની નેટવર્ક માર્કેટિંગ કંપનીઓ ભારતમાં પ્રવેશશે. નેટવર્ક માર્કેટીંગ ક્ષેત્રે ભારતની એક કંપની આખા વિશ્વ ઉપર રાજ કરશે. ભારતની ઈકોનોમી સ્થિતિને સુધારશે, લાખો કરોડો લોકોને રોજગારી આપશે. અનેક યુવાનો નાની ઉમરમાં કરોડોપતિ બનશે. આ ડાયરેક્ટ સેલિંગની સફળતા જોઈને સરકાર પણ આ ક્ષેત્રમાં ઝંપલાવશે. સારું કામ કરનાર નેટવર્ક માર્કેટીંગની કંપનીઓને પુરસ્કૃત કરશે.

અનુસંધાન પાના નં ૭ પર

મિસિંગ 'ધ કોમન મેન!'

રઝળપાટ
અજય ઉપાધ્યાય
akurjt@gmail.com

'તા ના ના ના ના ના' દુરદર્શનની ફેમસ સીરીયલ 'માલગુડી ડેઝ' નું આ ટાઈટલ મ્યુઝીક યાદ છે ? જો કે નવી પેઢીએ તો કદાચ આ સીરીયલ પણ નહિ જોઈ હોય. જો કે ના જોઈ હોય તો યુટ્યુબ કરીને અચૂક જોવા જેવી ખરી. ખેર આ ટાઈટલ મ્યુઝીક તો ઠીક પણ એની સાથે સાથે આવતા માલગુડીને તાદેશ કરતા સ્કેચીસ જોવા વધુ લહાવા સમાન હતા. માલગુડીનું રેલ્વે સ્ટેશન, માલગુડીની બજાર, ચોક અને રજુ થનાર એપિસોડને લગતા સ્કેચીસ. અને સ્કેચીસ પણ કેવા કે તમને એપિસોડ જોયા પહેલા જ જાણે આખી વાત આંખો સામેથી પસાર થઈ ગઈ હોય એવું જ લાગે. આર. કે. લક્ષ્મણની ચિત્રકલા સાથે પરિચય થયાનો કદાચ ભારતના મોટાભાગના લોકો માટે એ પહેલો પ્રસંગ હશે. ચિત્રકલા એટલા માટે લખ્યું કે લક્ષ્મણ સારા કાર્ટુનીસ્ટ તો હતા જ પણ સાથે સાથે એક ખુબ જ ઉમદા ચિત્રકાર પણ હતા. જો કે એમના મતે તો ચિત્રકલામાં નિપુણતા એ જ સારા કાર્ટુનીસ્ટ બનવાનું પહેલું પગથીયું હતું. ૨૪ ઓક્ટોબરે હમણાં એમનો જન્મદિવસ પસાર થઈ ગયો અને લક્ષ્મણને આ જગતમાંથી વિદાય થયે પણ ત્રણ વર્ષ ઉપર થવા આવ્યું પણ હજુ આજે પણ લક્ષ્મણના કાર્ટુનની તોલે કોઈ આવી શકે એવું છે જ નહિ. લક્ષ્મણ અને એનો ધોતી અને ચેકસના ડગલાવાળો કોમનમેનને હજુ આજે પણ ટાઈમ્સના પહેલા પાનાં પર લોકો આતુર નયને શોધી રહ્યા છે. સફેદ કાગળ પર ચીતરેલી આડી ઉભી રેખાઓ દશકાઓ સુધી આમ આદમીની તકલીફોને વ્યંગના માધ્યમથી પણ ચોટદાર રીતે રજુ કરતી રહી અને એ પણ લાગલગાટ અર્ધી સદી યાની કી ૫૦ વર્ષો સુધી. જી હા લક્ષ્મણ કદાચ વિશ્વના એવા એકમાત્ર કાર્ટુનીસ્ટ હતા કે જેના કાર્ટુન સતત ૫૦-૫૦ વર્ષો સુધી ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના પહેલા પાનાં પર છપાતા રહ્યા. ખાલી છપાતા જ નહિ પણ એક એક કાર્ટુન દ્વારા એમણે સામયિક સમસ્યાઓ, ઘટનાઓ અને વ્યક્તિઓને જે રીતે રજુ કર્યા એનાથી જાણે કે આખું પાનું ભરીને લખવું પડે એટલું એમના એક કાર્ટુનમાં સમજાવી દેતા કરી દીધેલા. ખાલી આમ આદમીની મુશ્કેલીઓ જ શુકામ પણ એમની પીંછીના લશ્કારાથી કોઈ નેતા, અભિનેતા કે મોટોમોટો ચમરબંધી પણ બચી શક્યો નહી.

એમના કાર્ટુનમાં ગમે ત્યાંથી ડોકિયા કરતો કે ક્યારેક પોતે જ કાર્ટુનનો હિસ્સો બની જાતો એ ધોતી-ડગલા ધારી કોમનમેન ભારતના આમઆદમીનું પ્રતિક બની ગયો. રાસીપુરમ કૃષ્ણા સ્વામી લક્ષ્મણ નામે ૧૯૨૧મા જન્મ થયા પછી આગળ જતા આર.કે.લક્ષ્મણનાં નામે ઓળખાયેલા આ મહાન કાર્ટુનીસ્ટનું પરિવાર જ ક્રિયેટીવ હતું. પિતા સ્કુલમાં હેડમાસ્તર તો મા ટેનીસ, ચેસની અવ્વલ ખેલાડી. આવામાં સ્વાભાવિક છે કે ભણતર પર વધુ જોર હોય જ. ખેર બચપણથી જ કાર્ટુનના શોખીન લક્ષ્મણે જે.જે.સ્કુલ ઓફ આર્ટ્સમાં એડમીશન માટે એપ્લાય કર્યું તો ડીને એમ કહીને ના પાડી કે આ છોકરામાં સ્કીલની કમી છે. જો કે એ અલગ વાત છે કે એ પછી પંદરેક વર્ષો પછી એ જ જે.જે સ્કુલે લક્ષ્મણને સ્પીચ આપવા બોલાવેલા! એવું જ કઈક જ્યારે લક્ષ્મણ કાર્ટુનીસ્ટની જોબ માટે ઈન્ડિયન એક્સપ્રેસમાં ગયા ત્યારે થયેલું. કોઈએ એમને કહ્યું કે કાર્ટુનીસ્ટ બનવામાં કોઈ સ્કોપ નથી, બીજું કઈક કરી લ્યો'. મજાની વાત એ છે કે પાછળથી એ જ ઈન્ડિયન એક્સપ્રેસે એમને કાર્ટુનમાં એક ઈતિહાસ કાયમ કરવા બદલ રામનાથ ગોએન્કા એવોર્ડ આપેલો ! ખેર લક્ષ્મણ યુવાનીમાં જ પોલીટીકલ કાર્ટુન બનાવી બનાવીને સ્વતંત્ર અખબારોમાં મોકલતા રહ્યા. કોલેજમાં પણ એમના કાર્ટુન લાગતા રહ્યા. એ જમાનો આઝાદી પહેલાનો